


વંચિત શહેરીજનનો
દૃષ્ટિકોણ રજૂ કરતું સામયિક

૨૦૧૧ અંક: ૩/વર્ષ: ૦૨




**પરામર્શક**
*ફા. રાજીવ ચક્નારાયણ એસ.જે.,*
*સાયમન પરમાર*

**સંપાદક**
*ફા. પૉલ ડિસોઝા*

**સંપાદકીય મંડળ**
*ઉષ્મા ખરે, ખુશ્બુ ત્રિવેદી, જૉસેફ મેકવાન,*
*પ્રિયા ભાવસાર*

**પ્રકાશક**
*ડાયરેક્ટર,*
*સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી*

**લેઆઉટ**
*મનીષ કોરી અને કનૈયા કોષ્ટિ*

**પ્રિન્ટિંગ**
*સત્યમ્ પ્રિન્ટ સોલ્યુશન*

# સંપાદકીય




**અમદાવાદ આપણું છે દોસ્ત!**

*આપણું ગુજરાત વાઈબ્રન્ટ છે એનાં વાઈબ્રેશન દુનિયાના અનેક દેશોમાં અને દેશનાં ઘણાં રાજયોમાં પહોંચી ગયાં છે. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાએલા ભવ્ય કાર્યક્રમમાં એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરી કરોડો રૂપિયાનું રોકાણ રાજયના વિકાસમાં રોકવામાં આવશે એવી હૈયાધારણ આપવામાં આવી છે. આકાશમાં ઊંચે ઊડતા પતંગની જેમ ગુજરાતની પ્રગતિ દુનિયાના નજરે ચડી રહી છે; ત્યારે ગરીબ વિસ્તારમાં વાસ્તવિકતા કાંઈ જુદી છે તે છુપાવ્યે છુપાઈ શકે તેમ નથી. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટના સ્થળ મહાત્મા મંદિર ગાંધીનગર જતાં ઈંદિરાબ્રિજ હાંસોલ પાસે આવેલી*

ઝૂંપડપટ્ટીને છુપાવવા માટે બગીચાની વાડ બનાવવી પડી એ ગુજરાતની હકીકત છે! (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, પેજ-૨, જાન્યુ.૧૬ ૨૦૧૧)

ગુજરાતની પ્રગતિની પરિસ્થિતિને જગજાહેર કરવામાં સરકાર, મિડીયા કે કોર્પોરેટ સેક્ટર પાછાં પડતાં નથી, ત્યારે દ્દષ્ટિકોણના આ અંકમાં અમદાવાદની બીજી બાજુની વાસ્તવિક સ્થિતિ રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સ્થિતિને જોતા આપણી સમક્ષ અમુક પ્રશ્નો ઊભા થાય તે સ્વાભાવિક છે.

સ્લમ રિહેબિલીટેશન પોલીસી નક્કી કરી અમદાવાદ શહેરને ઝૂંપડપટ્ટી રહિત કરવાનું વિકાસકાર્ય ધનવાન બિલ્ડર્સના હાથમાં સોંપવામાં આવી રહ્યું છે. એનું પરિણામ શું આવશે એ બધા જાણે છે. લગભગ સાતસોથી વધારે ઝૂંપડપટ્ટીમાં વસતા ૯ લાખથી વધારે લોકોને એનો લાભ મળશે. પણ પુનઃવસવાટ પ્રક્રિયામાં લાભાર્થીઓના મંતવ્યને સ્થાન નથી. ઠેકઠેકાણે ઝૂંપડપટ્ટીવાસીઓના મોઢે એક જ ભયભર્યો પ્રશ્નઃ “ અમને ક્યારે વિસ્થાપિત કરશે?”

અમદાવાદનો વિકાસ એ મોટા ભાગની વસ્તીની ભાગીદારી વગરનો વિકાસ હોય, તો વંચિત અને ગરીબ જનતા કેમ કહી શકે કે આ અમદાવાદ આપણું છે દોસ્ત!

અમદાવાદ શહેરને ૬૦૦ વર્ષ પૂરાં થતાં વાઈબ્રન્ટ ગુજરાતમાં તેને વ્યાજબી પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે. હસ્તાક્ષર થયેલા એમ.ઓ.યુ. (સમજૂતી કરારમાંથી) ૫૧% પ્રોજેક્ટનું રોકાણ અમદાવાદ શહેરમાં થશે, મોટા રસ્તાઓ, સાબરમતી રિવરફ્રન્ટ, બી.આર.ટી.એસ., કાંકરીયાનું નાવિન્યકરણ ચોક્કસ રીતે ‘શાઈનીંગ અમદાવાદ’ને રજૂ કરે છે. પણ સામે ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વીજળી, પાણી, શૌચાલય, રેશનકાર્ડ જેવી પાયાની જરૂરિયાતો પણ પૂરતી નથી. પૂર્વ અને પશ્ચિમ એવા બે અમદાવાદની વાત જાણીતી છે. અસમાનતા ભર્યો વિકાસ શહેરને કયાં લઈ જશે? પોતાનો પરિશ્રમ આપી, વિકાસનો બોજ સહન કરી રહેલા ગરીબ શહેરીજનોને આટલો પણ અધિકાર નથી કે તેઓ સ્વમાનભર્યું જીવન જીવી શકે? આ અમદાવાદ અમારૂ પણ છે દોસ્ત!

## અમદાવાદ શહેરનો વિકાસના નામે અધોવિકાસ

ગિરિશભાઈ પટેલ

(સિનીયર એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)

આજે જોઈએ તો ૬૦૦ વર્ષનું અમદાવાદ મુખ્યત્ત્વે ચાર વર્ગોમાં વહેંચાયેલું છેઃ ૧) પુષ્કળ પૈસાદાર વર્ગ, ૨) મધ્યમ મધ્યમ વર્ગ, ૩) નીચલો મધ્યમ વર્ગ અને ૪) ગરીબ કે મજૂર વર્ગ. ૫૦-૬૦ વર્ષ પહેલાના અમદાવાદમાં પૈસાદાર વર્ગ એ માત્ર શાહીબાગ વિસ્તારમાં વસતો હતો અને એ વિસ્તાર અમદાવાદનો ભાગ નહોતો ગણાતો. આજે આ વર્ગ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વસે છે. પહેલા જે મધ્યમ વર્ગ હતો તે આજે મધ્યમ મધ્યમ વર્ગ તેમ જ નીચલો મધ્યમ વર્ગમાં વહેંચાઈ ગયો છે. આજે મધ્યમ મધ્યમ વર્ગનો સંપર્ક ઘણાખરા અંશે પૈસાદાર વર્ગ સાથે ઘણાં પાસાઓથી જોડાયેલો છે. જ્યારે ત્રીજા વર્ગ એટલે કે નીચલો મધ્યમ વર્ગમાં મોટાભાગે ક્લેરીકલ કામ કરતા વર્ગનો સમાવેશ થાય છે. ચોથો વર્ગ એ મજૂરી કરતો વર્ગ છે.

આ ચાર વર્ગોને ધ્યાનમાં રાખીને જો અમદાવાદ શહેરના વિકાસની વાત કરીએ તો અમદાવાદનો વિકાસ એ સર્વસમાવેશી (ઈન્ક્લૂસીવ) વિકાસ નથી. શહેરનો જે નિર્ણાયક વર્ગ છે એના વિચારો પણ ગરીબો વિરોધી છે. તેમને લાગે છે કે આ શહેર એ માત્ર સાધન સંપન્ન લોકો માટે જ છે અને ગરીબોને જે વધેલું મળે તે ઠીક છે. એ પરસ્પર વિરોધી વાત છે કે મ્યુનીસીપલ કોર્પોરેશનને જે લોક ચૂંટે છે તે બધા લોકોનો ખ્યાલ કોર્પોરેશન રાખતી નથી. કોર્પોરેશનમા ચૂંટાઈને અધિકારીઓ માટે વિકાસ એ માત્ર અમુક જ વર્ગોનો વિકાસ એવો ખ્યાલ બંધાઈ જાય છે.

આજે જેને સરકાર શહેરનો વિકાસ કહે છે તે વિકાસ નહિ



પણ અધોવિકાસ છે. થોડા સુંદર રસ્તાઓ, ઓવર બ્રીજ, મોટા મોલો, ગાડીઓ એ શહેરનો વિકાસ નથી. આદિ જમાનાથી શહેર એ સંસ્કૃતિ, કળા અને વ્યાપારનું કેન્દ્ર ગણાય છે. ગામડાંના સંકુચિત વાતાવરણમાંથી બહાર આવવાની તક આપે એ શહેર. ગામોમાં સ્થગિતતા છે જ્યારે શહેરોમાં એ એક પ્રકારની ગતિ છે, વિવિધતા છે. સામાજિક વિકાસની તક આપે એ શહેર. જૂની ઘરેડ અને વાતાવરણમાંથી મુક્તિ મળે છે એટલે લોકો શહેરોમાં આવીને વસવાટ કરે છે. અને આજે શહેર જ આ તક નથી પૂરી પાડતું. અને જ્યારે આ પ્રશ્ન ઉદ્ભવે ત્યારે કહેવાતો અમીર વર્ગ કહે છે કે ગામડાંમાં પણ ક્યાં સારું હતું?

આજથી ૫૦-૬૦ વર્ષ પહેલા શહેરના લોકોમાં આટલી બધી અસમાનતા નહોતી, અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ આટલી ઊંડી નહોતી. દરેક પ્રકારના લોકોના બજારો એ એક જ હતા. આજે અમદાવાદનો રંગ બદલાઈ ગયો છે. શહેર એ અસમાનતાનું કેન્દ્ર બની ગયું છે. શહેરમાં સામાજિક ન્યાયની કોઈ ભાવના નથી. પહેલાની સરખામણીમાં શું શહેરના દરેક વર્ગોનું જીવન ધોરણ સુધર્યું છે? એટલો બધો અસમાન વિકાસ છે કે શંકા છે કે કોઈ વિકાસ છે કે કેમ. જ્યારે અમદાવાદનું કાપડ બજાર તૂટતું હતું ત્યારે જરૂરી હતું કે આ કારીગરોનું એ પ્રકારનું ક્ષમતા વર્ધન કરવામાં આવે કે તેઓ રોજગારીની બીજી તકો મેળવી શકે. પરંતુ આવું કશું થયું નથી. આજના નાણાંકીય માળખામાં નવા ઉદ્યોગોમાં લોકોને કાયમી નોકરી નથી મળતી, તેમ જ તેના કોઈ ફાયદાઓ નથી મળતા. કોન્ટ્રેક્ટ ઉપર મળતા કામમાં કોઈ આર્થિક કે સામાજિક સલામતી નથી મળતી. ટ્રેડ યુનિયનો તૂટી ગયા છે, મજૂરવર્ગની કોઈ સલામતી નથી. આ લોકોના વિસ્તારોમાં આજે પણ કોઈ પરિવર્તન દેખાતું નથી. શહેરની સમૃદ્ધિમાં તેમનો ફાળો ૫૦ ટકા હોવા છતાં તેમને ગંદા ગણીને બાજુમાં ધકેલવામાં આવે છે. એમનું શહેર તો આજે પણ એનું એ જ છે, તેમનો કોઈ વિકાસ નથી.

શહેરી વિકાસનું બીજું પાસું એ છે કે ગરીબોની અગ્રતા બદલાઈ ગઈ છે. તેઓની પાસે સારું ઘર હોય કે ન હોય, ગુણવત્તાવાળું ભોજન હોય કે ન હોય, બજારે ઊભી કરેલી ભ્રામકતાની જાળમાં ફસાઈને તેઓ મોબાઈલ, ટીવી જેવા સાધનો ખરીદવા તરફ વળે છે. આ જીવન જરૂરિયાતની વસ્તુઓ નથી. શું આ વિકાસનો માપદંડ છે? વિકાસના માપદંડો મુખ્યત્વે આ ૭ હોઈ શકે.

**વિકાસનો પ્રથમ પાયાનો માપદંડ**



એક, રહેઠાણો. શહેરના પૂર્વ વિસ્તારોના રહેઠાણોની પરિસ્થિતિ જોઈએ તો અમુક ઘરોની પરિસ્થિતિ તો ઝૂંપડાથી પણ વધારે ખરાબ છે. કાચી પાકી તૂટેલી દિવાલો કહે છે કે વર્ષોથી એમની કોઈ જ મરામત કરવામાં આવી નથી. ઝૂંપડા અને કાચા પાકા ઘરોની પરિસ્થિતિ તો ખરાબ છે જ પણ સાથે સાથે તેમના ઘરો ગમે ત્યારે છીનવાઈ જશે તેનો પણ ડર તેઓને સતત છે. વર્ષોથી અમદાવાદમાં રહેવા છતાં શહેરે જાણે કે તેમને સ્વીકાર્યા નથી. અનેકવિધ યોજનાઓ બની ગરીબોને જગ્યા મળે પણ જગ્યા મળી માત્ર અમીરોને. યોજનાઓનું અમલીકરણ થયું માત્ર અમીરોના વિકાસ અને સમૃદ્ધિ માટે.

**વિકાસ કરવા જરુરી ખોરાક**

બીજો મહત્ત્વનો માપદંડ ખોરાક છે. આ વર્ગના અનેક લોકો અપૂરતા પોષણથી પીડાય છે જેના મુખ્યત્વે બે કારણો છે. એક તો પૂરતા પૈસાના અભાવે તેઓ પૂરતો પોષક ખોરાક નથી મેળવી શકતા. બીજું મહત્ત્વનું કારણ એ છે કે આજની લોભામણી અને આકર્ષક જાહેરખબરોથી આકર્ષાઈને તેઓ એ પ્રકારના ખોરાક તરફ વળે છે જે પોષક નથી. કહેવાતા છીછરા શિક્ષણની આ અસર છે.

આ અંકને તમે સંસ્થાની વેબસાઈટ પરથી મેળવી શકશો.
http://sxsss.org/resources/resources-magazines.htm

### જીવન ટકાવવા માટેનો મહત્વનો માપદંડ

ત્રીજું પાસું છે પાણી. પાણીની તંગી પૂર્વના વિસ્તારોમાં આજે પણ એટલી બધી છે કે પાણી મેળવવા માટે લાઈનોમાં ઊભા રહેવાના કારણે છોકરીઓ શાળાએ નથી જઈ શકતી. પાણીની



તંગીની અસર સીધી તેમના સ્વાસ્થ્ય પર પડે છે. પાણીના પુરવઠાની અસમાન પ્રાપ્તિ તો ખૂબ જ વધારે છે. જ્યારે શહેરના પશ્ચિમ વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન કે બોર દ્વારા ૨૪ કલાક પાણી મળે છે. બાગ- બગીચાઓમાં આપવામાં આવતો પાણીનો પુરવઠો તો જાણે અમર્યાદિત છે. જ્યારે પૂર્વના ભાગોમાં મળતો અપૂરતો પાણીનો પુરવઠો બહેનોની પરિસ્થિતિને કઠિન બનાવે છે, છોકરીઓના શિક્ષણ ઉપર સીધી અસર કરે છે અને લોકોના સ્વાસ્થ્યને બગાડે છે.

### શિક્ષણ વિનાનો સમાજ વિકાસ શી રીતે કરે?

ચોથું પાસું એ લોકોના આંતરિક વિકાસ ઉપર સીધી અસર કરે છે જે છે શિક્ષણ. સરકારી શાળાઓના મકાનો, શિક્ષકો અને બીજી સુવિધાઓના અભાવ વિશે આપણે સૌ જાણીએ છીએ. એક બાજુ જ્યાં અમીર વર્ગોના બાળકો શાળાએ લેપટોપ લઈને જાય છે ગરીબ વર્ગના બાળકોના નોટ પેન્સિલના પણ ઠેકાણા નથી. શિક્ષણનું ખાનગીકરણ થઈ રહયું છે અને તેની દેખરેખ રાખનારું કોઈ નથી. બાળકોની વાત કરીએ તો વધારે બાળકો એવરેજ હોય છે જેઓ ૯૦ ટકામાં ગુણ નથી મેળવી



શકતા. અમીર વર્ગના બાળકો તો ડોનેશન આપીને ખાનગી કોલેજોમાં શિક્ષણ મેળવી લે છે અને તેમનુ ભવિષ્ય સુરક્ષિત થઈ જાય છે. ગરીબ બાળકો આ પરિસ્થિતિમાં ઉચ્ચ શિક્ષણ નથી મેળવી શકતા. વળી ખાનગી શિક્ષણ વ્યવસ્થાથી બે વર્ગોના બાળકો વચ્ચેનું અંતર વધી રહયું છે અને આ પરિસ્થિતિ દેશના ભવિષ્ય માટે ખતરનાક છે.

### ગરીબોના સ્વાસ્થ્યનું શું?

પાંચમો મહત્ત્વનો માપદંડ એ શહેરની વસ્તીનું સ્વાસ્થ્ય છે. વર્તમાન જાહેર આરોગ્ય વ્યવસ્થાને પરિસ્થિતિ ખૂબ જ દયનીય છે. વગ વગર સારી સારવાર મેળવવી અશક્ય છે. સરકારી વ્યવસ્થાના અધિકારીઓ અને ડોક્ટરોની માનસિકતા ગરીબ વિરોધી અને અમીર તરફી છે. ગરીબોનું સ્વાસ્થ્ય તેમને મન કોઈ જ મૂલ્યનું નથી. એટલે જ ગરીબ લોકોએ પણ ખાનગી ડોક્ટરો પાસે જવું પડે છે. મૂલ્યો વગરના આ ડોક્ટરો માટે વગર કારણે બાટલા ચડાવવા અને ઈંજેક્શનો આપવા એ સામાન્ય થઈ પડયું છે. લોકોના સ્વાસ્થ્યની એમને મન કોઈ કિંમત નથી. જ્યાં સુધી દર્દીની પરિસ્થિતિ ખૂબ ખરાબ ન થઈ જાય ત્યાં સુધી પૈસાની લાલચે આ ડોક્ટરો તેમને કોઈ નિષ્ણાંત પાસે સારવાર માટે નથી મોકલતા. એવા અનેક કેસો છે જેમાં ટીબીના દરદીને પણ તેની તબિયત ખૂબ ખરાબ ન થાય ત્યાં સુધી લેભાગુ ડોક્ટરો નિષ્ણાંત પાસે તપાસ માટે નથી મોકલતા.

### રોજગારી પર દબાણો એક કાયમી પ્રશ્ન

એવી જ રીતે ગરીબોની રોજી રોટીની શું પરિસ્થિતિ છે? ગરીબો શહેરના વિકાસમાં તેમનો ઉત્તમ ફાળો નોંધાવે છે. તેમના અનૌપચારિક એવા આ ક્ષેત્રનો અમીરો ફાયદો તો ઉઠાવે છે પણ સ્વીકાર નથી કરતા. અનેક નવીનતમ રસ્તાઓ હોઈ શકે જેથી ગરીબો પણ સ્વમાન અને હકથી કમાઈ શકે. જ્યાં દિવસે મોટી દુકાનો ચાલે છે તેવા મુખ્યમાર્ગો ઉપર રાત્રે ગરીબો તેમના લારી-ગલ્લાઓ ચલાવે તો શું વાંધો હોઈ શકે. આ એ સર્વશ્રેષ્ઠ વ્યવસ્થા તેમના માટે બની શકે. જ્યારે શહેર તેમને કામ નથી આપી શકતું તો તેઓ જાતે કમાય તેમાં શહેરે તેમને ટેકો કરવો જોઈએ કે અવરોધ ઊભો કરવો જોઈએ એ એક સંવેદનશીલ પ્રશ્ન છે.



સાતમો માપદંડ એ છે રસ્તાઓ અને ટ્રાફિકની વ્યવસ્થા. જે એએમટીએસ એક જમાનામાં શ્રેષ્ઠ ગણાતી તેનું સ્થાન આજે ખાનગી સેવાઓએ લઈ લીધું છે. શહેરના અમીર વિસ્તારો માટેની ટ્રાવેલ એજન્સીઓની બસો મુખ્ય માર્ગો ઉપર ઊભી રહે તો તેનો કોઈને વાંધો નથી પરંતુ જો આ જ રસ્તાઓ ઉપર ગરીબોની લારીઓ હોય તો તેમને ગેરકાયદેસર ઠેરાવી હટાવી દેવામાં આવે છે. આજની નવી બીઆરટીએસની વ્યવસ્થા ખરેખર વખાણવા લાયક છે પણ અમદાવાદના રસ્તાઓ ઉપર સાયકલોને ચલાવવાની કોઈ વ્યવસ્થા નથી. દુનિયાના વિકસીત શહેરોમાં પણ સાયકલો ચલાવનારાઓ માટે રસ્તાને વ્યવસ્થા હોય છે. પણ અમદાવાદના રસ્તાઓ માત્ર ગાડીઓ ચલાવવા માટે બને છે. સામાન્ય ગરીબ માનવી માટે કોઈ જગ્યા નથી.

આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ કે અમદાવાદનો વિકાસ એ મોટાભાગની વસ્તીની ભાગીદારી વગરનો વિકાસ છે, અસંવેદનશીલ વિકાસ છે. સાચો વિકાસ ત્યારે જ થાય જ્યારે સમાજના દરેક વર્ગનો તેમાં અવાજ હોય, દરેક વર્ગનો તેમાં સમાવેશ હોય. આજે કાંકરિયા જેવા સ્થળને માત્ર અમીરો જ જઈ શકે તેવુ બનાવવામાં આવી રહ્યું છે. રીવરફ્રન્ટ એ ધંધાદારી પ્રોજેક્ટ છે પણ લોકવિકાસનો પ્રોજેક્ટ નથી. આટલી મોટી જગ્યાને લોકવિકાસ માટે પણ વાપરી શકાઈ હોત. આ વિકાસ એ માત્ર શહેરને સુંદર બનાવવાનો પ્રયાસ છે અને તે પણ લોકોના ભોગે. લોકો કલ્યાણ કરતો વિકાસ આ નથી. અમદાવાદનો પૂર્વ ભાગ પણ અમદાવાદનો જ હિસ્સો છે. અને આજે ૬૦૦ વર્ષ પછી એ દુ:ખદાયી વાત છે કે અમદાવાદ શહેર એ કલ્યાણ શહેર (વેલ્ફેર સીટી) નથી!

## આ તે કેવો વિકાસ?

**આનંદ યાજ્ઞિક**

**(એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)**

અમદાવાદ શહેર આજે વિસ્તર્યું તો છે પરંતુ તેનો વિકાસ નથી થયો. અથવા બીજા શબ્દોમાં કહીએ તો તેનો શારીરિક વિકાસ તો થયો છે પરંતુ શૈક્ષણિક, સાંસ્કૃતિક કે બૌદ્ધિક વિકાસ નથી થયો. વિકાસનો માપદંડ એ કંઈ વસ્તી અને વ્યવસ્થામાં વધારો માત્ર ન હોઈ શકે, પરંતુ શહેરમાં કેટલા સંગ્રહાલયો (મ્યુઝીયમો), નાના- મોટા માટેની વિજ્ઞાન સાથે ગમ્મત કરવા માટેની કેટલી પ્રયોગશાળા છે અને દેશનું ભવિષ્ય એવા બાળકોના આંતરિક વિકાસ માટે શહેરમાં કેટલા નાટ્યગૃહો, સંગીત અને કલા વિદ્યાલયો છે તે માપદંડ હોય; બાળકો અને મોટાઓ માટે શહેરમાં કેટલા રમવા માટેના મેદાનો વધ્યા છે, ખુલ્લી હવામાં બેસવા માટેની જગ્યા બની છે, રમત-ગમતના મેદાનો વધ્યા છે એ માપદંડ હોય. શહેરના બાળકો અને યુવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતોમાં કે અન્ય ક્ષેત્રો અને પ્રવૃત્તિઓમાં કેટલા આગળ વધ્યા છે તે શહેરના વિકાસની રૂપરેખા અને માપદંડો છે.

જ્યાં સુધી શહેરના લોકોની આર્થિક સમૃદ્ધિનો સવાલ છે ત્યાં સુધી વર્તમાન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના પ્રવાહમાં અમદાવાદ શહેર પણ બે ભાગમાં વહેંચાયેલું છે. અમદાવાદનો પૂર્વ ભાગ જીવવા માટે સંઘર્ષ કરે છે અને ખૂબ મહેનત કર્યા પછી પણ તે તરફના મોટા ભાગના લોકો પાસે પોતાનું કહી શકાય તેવું ઘર નથી. જ્યારે અમદાવાદના પશ્ચિમ ભાગના વિસ્તારો એ પૂર્વેની મહેનત અને પસીના ઉપર નભે છે. ત્યાંના લોકો પાસે અનેક ઘરો, કારો અને પહેરવા માટે જાતજાતના કપડાં છે. તેમના માટે દરરોજ નવી નવી હોટલો ખુલે છે અને પહેરવા માટે નવા નવા વસ્ત્રાલયો ખુલે છે. પૂર્વ અને પશ્ચિમ અમદાવાદની વચ્ચે અંતર વધતું જાય છે. આમ વધતી અસમાનતામાં પશ્ચિમ અમદાવાદ પ્રગતિ- વિકાસ તરફ જઈ રહ્યું છે અને પૂર્વ અમદાવાદ આ વિકાસનો બોજ સહન કરે છે.

ગરીબોની ગરીબાઈ અને તેમના 'ગંદા' ઘરો સુખી લોકોથી જોવાતા નથી અને તેથી જ પોતાને ઈચ્છા થાય તે મુજબ પોતાનો એટલે કે સુખી અમદાવાદનો કચરો ઠેલવાય છે એવા વિસ્તારોમાં તેમને ઘરો આપી દે છે. આમ અમદાવાદમાં દરેક માનવી પોતાનું કહી શકાય તેવી જગ્યાઓ ઓછી થતી જાય છે અને

# શાઇનીગ અમદાવાદ કે વંચિત અમદાવાદ?

**ડૉ. એડવિન મસીહી**

વાઈબ્રન્ટ ગુજરાત... શાઈનીંગ અમદાવાદ... અને બીજું ઘણું કહેવાય છે વિકાસના નામે! સમગ્ર ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદ શહેરની સ્થાપનાને ૬૦૦ વર્ષ પૂરાં થશે તેની ઉજવણીના ભાગ રુપે અમદાવાદમાં વિકાસનાં અનેક કામો હાથ ધરવામાં આવ્યા છે. કાંકરીયા તળાવ અને પ્રાણી સંગ્રહાલયનું નાવિન્યકરણ, સાબરમતી રિવરફ્રન્ટની યોજના, અનેક નવા ઓવરબ્રિજ અને બી.આર.ટી.એસ. બસની સગવડ... આ બધું જ શહેરના નાગરિકોના હિતમાં કરવામાં આવ્યું છે. પણ શું આ જ છે વિકાસ? અને જો આ વિકાસ છે તો કોનો છે આ વિકાસ? આજે પણ અમદાવાદના ઝૂંપડપટ્ટી અને પછાત વિસ્તારોમાં વીજળી, પાણી, શૌચાલય, રેશનકાર્ડ અને ચૂંટણી કાર્ડ જેવી પાયાની જરુરિયાતો પણ પૂરતી નથી. અમદાવાદના દરેક ગરીબ અને પછાત વિસ્તારોની આ વાસ્તવિકતા છે. નીચે જણાવેલા નક્કર આંકડાઓ ભલે માત્ર ૨૮ વિસ્તારોના આંકડા હોય, પરંતુ તે ચોક્કસપણે વાસ્તવિકતાને વ્યક્ત કરે છે.

સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી દ્વારા ઓઢવ, સરસપુર-ગોમતીપુર, શાહપુર અને નારણપુરાના ૨૮ વિસ્તારોની કુટુંબો વિશેની પ્રાથમિક માહિતીની સાથે સાથે તેમને રાશનકાર્ડ, વીજળી, પાણી, ગટર, શૌચાલય, સરકારી યોજનાઓ વગેરે અધિકારો કેટલા પ્રમાણમાં પ્રાપ્ત કે અપ્રાપ્ત થાય છે તેની આંકડાકીય માહિતી એકઠી કરવામાં આવી. આ આંકડા પ્રમાણે જ્યારે મોટાભાગે કુટુંબમાં ૫ થી ૬ સભ્યોની વસ્તી દરેક વિસ્તારમાં છે ત્યારે સ્ત્રી-પુરુષના પ્રમાણમાં ઘણો તફાવત છે. ખાસ કરીને ઓઢવ અને નારણપુરામાં આ તફાવત ઘણો મોટો છે. નારણપુરાના ગોપાલનગરમાં દર ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ સૌથી ઓછું ૭૨૩ છે.

ધર્મ અને જ્ઞાતિની દ્રષ્ટિએ જોતાં આ વિસ્તારોમાં ખૂબ જ વિવિધતા જોવા મળે છે. જ્યારે શહેરની શરુઆતથી જ હિન્દુ મુસ્લિમ વિસ્તારો લગભગ અલગ અલગ પણ એકબીજાની નજીક હતા. કેટલાક વિસ્તારોમાં ખાસ કરીને મજૂર વિસ્તારોમાં બંને કોમ એકબીજા સાથે હળીમળીને રહેતી પણ, હવે પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે અને કોમી ધ્રુવિકરણ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

સુખી અને પૈસાવાળા લોકો જ ફક્ત જઈ શકે તેવી જગ્યાઓ, તળાવો, નદીના કિનારાઓ જેવી જગ્યાઓ વધતી જાય છે. આ પરિસ્થિતિમાં જોઈએ તો આજે ૬૦૦ વર્ષ પછી શહેરનો વિકાસ નહિ પરંતુ શહેરના માત્ર કેટલાક લોકોનો વિકાસ થયો છે. અને આ કથિત વિકાસથી અમદાવાદ શહેરના મોટા ભાગના લોકો વંચિત છે. જો આવું જ થશે તો મેગાસીટી બનેલું આ અમદાવાદ આવનારા દિવસોમાં લોકો માટે સુખ અને શાંતિનું સ્થળ નહિ પરંતુ દુખ અને દહેશતનું સ્થળ બની શકશે.



## અમદાવાદ વિશે કેટલાંક તથ્યો

- ✓ ૧૮૨૪માં અમદાવાદમાં પ્રથમ વખત સર્વે કરવામાં આવ્યો હતો.
- ✓ ૧૮૨૭માં અમદાવાદમાં પહેલી ગુજરાતી શાળા અને ૧૮૪૬માં પહેલી અંગ્રેજી શાળા શરુ થઇ હતી.
- ✓ ૧૮૬૪માં અમદાવાદ અને મુંબઇ વચ્ચેની પ્રથમ રેલલાઇન નંખાઇ હતી.
- ✓ ૧૯૧૩માં અમદાવાદમાં પ્રથમ વીજ મથકની સ્થાપના કરવામાં આવી હતી.
- ✓ અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું અને ભારતનું સાતમાં નંબરનું સૌથી મોટું શહેર છે.
- ✓ અમદાવાદ ગુજરાતની આર્થિક રાજધાની છે.
- ✓ મિલોના સમયમાં અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર ગણાતું હતું કેમકે અમદાવાદમાં સૌથી વધુ કાપડ ઉધોગ વિકસેલો હતો.

અમદાવાદની સ્થાપના ૧૪૧૧માં ૨૬મી ફેબ્રુઆરીના રોજ અહમ્મદશાહ બાદશાહે કરી હતી અને ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ અમદાવાદને ૬૦૦ વર્ષ પૂરાં થશે.

ચાર ઝોનમાંથી ત્રણ ઝોન (ઓઢવ,શાહપુર અને નારણપુરા)માં હિન્દુઓનું પ્રમાણ ૯૯% કરતાં વધુ છે. ગોમતીપુર સરસપુરમાં મુસ્લિમો ૬૩% છે. કેટલીક ચાલીઓમાં ફક્ત હિન્દુ પરિવારો છે જ્યારે કેટલીક ચાલીઓમાં ફક્ત મુસ્લિમ પરિવારો જ રહે છે. એ ખૂબ અગત્યની હકીકત છે કે આર્થિક, સામાજિક તથા શૈક્ષણિક દૃષ્ટિએ નબળાં એવાં આ જૂથો ધાર્મિક રીતે એકબીજાથી અલગ થતાં જાય છે અને તેને લઈને તેઓ સંગઠિત રીતે પોતાના પ્રશ્નોની રજૂઆત કરી શકતાં નથી. જ્ઞાતિ જૂથોની વહેંચણી જોતા કુલ ૭૧૦૦ કુટુંબોમાંથી ૪૧.૦% કુટુંબો બક્ષીપંચની જ્ઞાતિ/કોમનાં છે. ૩૮.૬% દલિત છે જ્યારે ૮.૮% આદિવાસી છે. અન્ય જ્ઞાતિ અથવા માહિતી ન હોય તેવાં ૧૧.૫% કુટુંબો છે.

**રેશનકાર્ડ**

મોંઘવારીના સમયમાં સસ્તા અને વ્યાજબી ભાવે અનાજ, ખાંડ, તેલ, કેરોસીન જેવી જીવન જરુરિયાતની વસ્તુઓ ખરીદવા દરેક કુટુંબ પાસે રેશનકાર્ડ હોવું જરુરી છે. આ રેશનકાર્ડમાં પણ ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોને બીપીએલ કાર્ડ મળે છે. ખૂબ ચિંતાજનક બાબત એ છે કે ગરીબ વિસ્તારોમાં માત્ર અમુક જ લોકો પાસે આ રાશન કાર્ડ છે. તો શું બાકીના લોકોને આ કાર્ડની જરૂર નથી? નીચેના આલેખમાં દર્શાવ્યું છે કે ચાર મુખ્ય ઝોનમાં કુલ વસ્તીના કેટલા લોકો પાસે રેશનકાર્ડ છે.




જણાય છે કે કુલ ૭૧૦૦ કુટુંબોમાંથી ફક્ત ૪૫૩૨ કુટુંબો રેશન કાર્ડ ધરાવે છે. નારણપુરા ઝોનમાં તો ફક્ત ૪૫.૯% કુટુંબો જ રેશન કાર્ડ ધરાવે છે. ચાલીઓની કક્ષાએ જોઈએ તો કેટલીક ચાલીઓમાં રેશનકાર્ડ ધરાવનાર કુટુંબોની સંખ્યા આથી પણ ઓછી છે. (દા.ત..ગોપાલનગરમાં ૧૯.૮%,જાદવનગરમાં ૩૭.૧%,મોચીની ચાલ ૩૦.૨ %). આ આંકડાઓ જોતાં સ્વાભાવિકપણે આ સવાલ આપણા મનમાં આવે છે કે આ વિસ્તારોમાં રહેતા કુટુંબોમાંના મોટા ભાગના ગરીબીની રેખા નીચે જીવનારા છે છતાં બી.પી.એલ. કાર્ડ ફક્ત ૨૧.૬% ટકા લોકો જોડે જ છે. ઓઢવ ઝોનમાં તો બી.પી.એલ. કાર્ડ ધરાવનાર ફક્ત ૪.૦% કુટુંબો છે. મોટા ભાગનાં કુટુંબો એ.પી.એલ. કાર્ડ ધરાવે છે. અંત્યોદય કાર્ડ ફક્ત ૨૫ કુટુંબો ધરાવે છે જ્યારે અન્નપૂર્ણા કાર્ડ એકપણ કુટુંબ ધરાવતું નથી. નીચેના આલેખોમાં દર્શાવ્યું છે કે રેશનકાર્ડ ધરાવતા લોકોમાંથી કેટલા લોકો પાસે એપીએલ, બીપીએલ કે અંત્યોદય કાર્ડ છે.




**વીજળી, પાણી, શૌચાલયની સુવિધા**

પ્રાથમિક સગવડ તરીકે દરેક કુટુંબને વીજળી, પાણી તથા પોતાના ઘરમાં શૌચાલય હોય તે ખૂબ જ જરુરી છે. વીજળી,પાણી તથા શૌચાલય ધરાવનાર કુટુંબોની માહિતી જોતાં જણાય છે કે વીજળીની સગવડ પ્રમાણમાં મોટી સંખ્યાનાં કુટુંબો (૯૪.૩%) ધરાવે છે. પાણીની સગવડ પ્રમાણમાં ઓછી છે. શાહપુર ઝોનમાં ૨૦ ટકા કુટુંબો ઘરમાં પાણીની સગવડ ધરાવતાં નથી. શૌચાલયની સગવડ સૌથી ઓછાં કુટુંબો(૭૫.૫%) ધરાવે છે. શાહપુર ઝોનમાં તો આ ફક્ત ૪૭.૫% કુટુંબો સુધી જ સીમિત છે. ચાલી કક્ષાએ આ સગવડ આનાથી પણ વધારે અપૂરતી છે. દા.ત. ખેતરશાબાવાની ચાલમાં ૨૭.૯%, ચારતોડા કબ્રસ્તાનમાં ૧૩.૨% , જાલમપુરીની ચાલમાં ૨૦.૩%, મહાજનના વંડામાં ૨૭.૯% અને જોગણીમાતાની ચાલીમાં ૨૮.૯% કુટુંબો જ શૌચાલયની સુવિધા ધરાવે છે. આ સગવડ પૂરતી ન હોવાના કારણે તેની અસર વિસ્તારની સ્વચ્છતા અને લોકોના આરોગ્ય પર પડે છે.

### સરકારી યોજનાઓનો અધિકાર

સરકાર દ્વારા અનેક યોજનાઓ ઘડવામાં અને અમલમાં મૂકવામાં આવી છે. પરંતુ આ યોજનાઓ જેમના માટે બની છે તે તેમના સુધી નથી પહોંચતી તે હકીકત છે.

સહાય મળવી જોઈએ તેવાં કુટુંબોની સામે સહાય મળતી હોય તેવાં કુટુંબો ઘણાં ઓછાં છે. દા.ત. વિધવા હોય તેવાં કુટુંબો ૧૦૩૭ છે પરંતુ તેમાંથી ફક્ત ૧૪૨ (૧૩.૭%) કુટુંબોને જ સહાય મળે છે. આ ૧૪૨ કુટુંબોમાંથી ૧૩૦ સરકારી સહાય મેળવે છે. વૃદ્ધ વ્યક્તિઓ હોય તેવાં ૧૦૨૨ કુટુંબો છે તેમાંથી ફક્ત ૪૪ (૪.૩%) કુટુંબોને જ મદદ મળે છે. તે જ રીતે અપંગ વ્યક્તિઓ વાળાં ૩૦૮ કુટુંબોમાંથી ૨૬ (૮.૪%) કુટુંબોને જ મદદ મળે છે. સરકારી મદદ ૨૬માંથી ૨૪ને મળે છે. ટી.બીના દર્દીઓવાળાં ૧૯૯ કુટુંબમાંથી ૨૬ ( ૧૪.૬%)ને સહાય મળે છે. જેમાં ૧૨ને સરકારી સહાય મળે છે. સૌથી ચિંતાજનક સ્થિતિ માનસિક રોગવાળા દર્દીઓની છે. કુલ ૨૨૨ કુટુંબોમાંથી ફક્ત ૬ જ કુટુંબને સહાય મળે છે જેમાંથી ૩ને સરકારી સહાય મળે છે.આ હકીકત નીચેના આલેખમાં દર્શાવેલ છે.




### બાળમજૂરો અને શાળાએ ન જતાં બાળકો

આર્થિક અને સામાજિક રીતે નબળાં કુટુંબોમાં બાળકોને પણ મજૂરી કરવા જવું પડે છે તેથી તેઓ શાળાએ જઈ શકતાં નથી.

કુલ ૨૨૬ કુટુંબોમાં બાળમજૂરો છે તેમાંથી ફક્ત ૭ કુટુંબોને સહાય મળે છે અને એક પણ કુટુંબને સરકારી સહાય મળતી નથી. શાળાએ ન જતાં બાળકોની સંખ્યા ૧૫૨૬ છે. તેઓ ૯૨૮ કુટુંબોમાંથી આવે છે. કુલ ૨૮ વિસ્તારનાં બાળકોની સંખ્યા ૧૪,૩૪૨ છે. તેમાંથી ૧૫૨૬ એટલે કે ૧૦.૬% બાળકો શાળાએ જતાં નથી. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત હોવા છતાં ૧૦ ટકા બાળકો શાળાએ જતાં નથી તે ખૂબ જ ચિંતાજનક બાબત છે.

## વિકસતા અમદાવાદમાં પાયાના પ્રશ્નો

ખુશ્બુ ત્રિવેદી
(સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી)

'પરિવર્તન સંસારનો નિયમ છે.' અને એ જ ન્યાયે આપણું અમદાવાદ દરરોજ નવાં - નવાં રુપરંગ ધારણ કરતું જ રહે છે. કોઈક દિવસ નવો પૂલ બનતો દેખાય તો કોઈક દિવસ નવા મોલના પાયા નંખાતા હોય. નવા નવા રોડ બનતા હોય અને જૂના રોડ મોટા થતા હોય. અને આ બધાંને વિકાસનું નામ આપવામાં આવે છે. પરંતુ એ વાતને સદંતર અવગણી દેવામાં આવે છે કે અમદાવાદની મોટાભાગની વસ્તી આ બધા વિકાસથી ઘણા ખરા અંશે વંચિત છે. ૬૦૦ વર્ષથી સતત કાર્યરત આ શહેર લાખો લોકોને પોતાના તરફ



આકર્ષે તો છે પણ તેમને રોજગારીની તકો પૂરી પાડી શકવામાં શહેરનો પનો સહેજ ટૂંકો પડે છે.

વિકસતા અમદાવાદમાં પોતાને વિકસાવવા આવતા લોકોને વિકસવા માટે સૌથી પહેલાં પાયાની સુવિધાઓ જેવી કે મકાન, ખોરાક અને પ્રાથમિક સુવિધાઓની જરુર હોય છે. જેની મદદથી તેઓ સ્વવિકાસ તરફ આગળ વધી શકે. અહીં પોતાના વિકાસ માટે આવતાં લોકોનો સૌથી મોટો અને પહેલો પ્રશ્ન એ હોય કે રહેવું ક્યાં? રોજગારીના અભાવે આ લોકો ક્યાંક કોઈ ઝૂંપડપટ્ટીમાં રહે છે જ્યાં વીજળી અને પાણી જેવી પાયાની જરુરિયાતો માટે પણ ભટકવું પડે છે.વળી, કોઈ રોડ મોટા કરવા માટે અથવા કોઈ નવી ઈમારત બાંધવા માટે આ ઝૂંપડાંઓને ખસેડી દેવામાં આવે અથવા તોડી પાડવામાં આવે. પોતાના વિકાસનું સ્વપ્ન લઈને ચાલતા આ લોકોનું આખું જીવન પોતાની પાયાની

જરૂરિયાતો માટે સંઘર્ષ કરવામાં પતી જાય છે પણ શહેર તો સતત વિસ્તરતું જાય છે.

પ્રાથમિક સુવિધાઓ અને અનાજ મેળવવા તો આ વ્યક્તિ ત્યારે સંઘર્ષ કરે જ્યારે એની પાસે પોતાની કહી શકાય તેવી એક



નાનકડી જગ્યા કે ઝૂંપડું હોય. પરંતુ હકીકત શું છે? સંસ્થાનો કાર્યવિસ્તાર વાડજ એટલે અમદાવાદનો મોટો સ્લમ અને પછાત વિસ્તાર જ્યાં લોકો સવારથી સાંજ સુધી એક જ ભયમાં રહે છે કે આજે આપણું ઘર તોડી પાડવામાં આવશે તો આપણે શું કરીશું? અમાદાવાદના વિકાસ અર્થે તુલસીનગર ખાતે ટાઉનપ્લાનિંગ સ્કીમ હેઠળ મકાનો જમીન દોસ્ત થવાનાં હતાં પરંતુ વિસ્તારના સૌરાષ્ટ્ર શ્રમજીવી સંગઠન થકી હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી તેથી અત્યારે એ લોકો સુરક્ષિત થઈ ગયા છે પણ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી છાશવારે મળતાં લેખિત અને મૌખિક દબાણોના કારણે અહીંના લોકો સતત ભયમાં જીવી રહયા છે. અને આ પરિસ્થિતિ તો લગભગ દરેક વિસ્તારની છે. તેમના માટે વિકાસનું કિરણ ક્યારે પ્રગટશે?

વિકાસની આ વ્યાખ્યામાં હજી સુધી નહીં સમાવાયેલા અને પોતાના અસ્તિત્વ માટે લડતા આ લોકોને પાયાના ઘણા બધા પ્રશ્નોનો દરેક પળે સામનો કરવો પડે છે. પોતાના મોટા મોટા બંગલા બનાવતા સમૃધ્ધ લોકોની સામે દરરોજ નવી આશા લઈને આવતા હજારો લોકો પોતાનાં ઝૂંપડા અને ચાલીઓ બચાવવા માટે પ્રયત્નો કરી રહયા છે અને પોતાનો આશરો છીનવાઈ જવાના ભય સાથે જીવી રહયા છે.

અમદાવાદના પાયાના પ્રશ્નોમાં બીજો અતિ મહત્વનો પ્રશ્ન છે પ્રાથમિક સુવિધાઓનો અભાવ શહેરના કોઈ પણ સ્લમ વિસ્તારમાં જાવ એટલે મોટાભાગે પ્રાથમિક સુવિધાઓના અભાવે થયેલી ગંદકી તરત દેખાય. એ વાત સાચી છે કે દરરોજ હજારો લોકો અમદાવાદમાં પોતાનું નસીબ બદલવા આવે છે અને દરેક જણ માટે તાત્કાલિક ધોરણે બધી જ સુવિધાઓ ન થઈ શકે પણ,હમણાં આવેલા લોકોની પરિસ્થિતિની વાત બાજુ પર મૂકીએ તો પણ અમદાવાદમાં વર્ષોથી સ્થાયી થયેલા અને ચાલી કે ઝૂંપડામાં ૫૦-૫૦ વર્ષોથી રહેતા લોકોને પણ હજી સુધી પ્રાથમિક સુવિધાઓ કે રહેઠાણ માટેની સુરક્ષા પ્રાપ્ત થઈ નથી અને તેઓ પોતાનું ઘર બચાવવા સંઘર્ષ કરી રહયા છે. સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સેસાયટીના કાર્યવિસ્તાર ચારતોડા કબ્રસ્તાનની વાત કરીએ જ્યાં છેલ્લાં ૪૦ વર્ષોથી લોકો વસવાટ કરે છે. પરંતુ હજી સુધી આ વિસ્તારનાં લગભગ ૨૫૦ જેટલાં કુટુંબોમાંથી ૨૨૩ કુટુંબો હજી સુધી શૌચાલય જેવી પ્રાથમિક જરુરિયાતથી પણ વંચિત છે અને ૨૦૫ કુટુંબોને જીવન ટકાવી રાખવા માટે અનિવાર્ય એવું પાણી પણ પ્રાપ્ય નથી.

પાયાના પ્રશ્નોની વાત કરી રહયાં છીએ ત્યારે ખોરાકને તો શી રીતે ભૂલી શકાય? આ મોંઘવારી અને બેરોજગારીની વચ્ચે જીવતા લોકો માટે ખોરાક એ અતિ કઠિન પ્રશ્ન બની ગયો છે. સરકાર તરફથી મળતું સસ્તું અનાજ દુકાનવાળો વધુ ભાવે વેચે છે અથવા તોલ-માપમાં ગરબડ કરીને આ લોકોને છેતરે છે. સંસ્થાના બધા કાર્ય વિસ્તારોમાં અનાજ અને કેરોસીન જેવી જરુરી વસ્તુઓમાં ભ્રષ્ટાચાર થાય છે અને લોકો પોતાના હક્કનું અનાજ અને કેરોસીન પણ મેળવી શકતાં નથી. વળી આ અપૂરતા અનાજની ગુણવત્તા સામે પણ મોટો પ્રશ્ન છે. સરકાર દ્વારા અમલીકરણ કરાયેલી યોજનાઓના લાભ ભાગ્યે જ આ લોકોને મળે છે. આ વિસ્તારોમાં ખૂબ જ ઓછી વિધવાઓ કે વૃદ્ધો સુધી સરકારી યોજનાઓ પહોંચે છે. વળી આ યોજનાઓ મેળવવાનો તેઓ પ્રયત્ન કરે તો તેમને અનેક આંટીઘૂંટીમાંથી પસાર થવું પડે છે.



આ બધી પાયાની જરુરિયાતો લોકોને મળતી નથી તેનું મૂળ કારણ શું છે? લોકોની સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિસ્થિતિનું આ એક કદી ન પૂરું થતું વિષચક્ર છે. તેઓ રોજબરોજની ઘટનાઓમાં એટલા અટવાઈ જાય છે કે તેમની પાસે ભાગ્યે જ આ સમસ્યાઓ વિશે વિચારવાની તકો બચે છે. વળી આ લોકો અસંગઠિત છે તે કારણે સહેલાઈથી તકસાધુઓ તેમનો લાભ લઈ લે છે. લોકશાહી દેશમાં લોકો દ્વારા ચૂંટાયેલા અધિકારીઓની ગરીબવિરોધી માનસિકતા પણ તેઓની પરિસ્થિતિ માટે એટલી જ જવાબદાર છે. શહેરનો વિકાસ એટલે અમીરોનો વિકાસ એવું તેઓ માને છે. ગરીબોને એક જગ્યાએથી બીજે ધકેલી દેતાં તેઓ અચકાતા નથી. અમદાવાદના પૈસાદાર વર્ગને ગરીબોની મહેનતનો લાભ જોઈએ છે પરંતુ ગરીબો નથી ગમતા. સરકારી તંત્રે તેમના પ્રત્યે સંવેદનશીલ બનીને માણસ તરીકે તેમના પાયાના અધિકાર આપવા પૂરતા પ્રયત્નો કરવા જોઈએ. જેથી અમદાવાદ ખરા અર્થમાં વિકાસની વાટ પકડે.

આજના શાઈનિંગ અમદાવાદમાં એવો દિવસ ક્યારે આવશે જ્યારે સ્લમ અને પછાત વિસ્તારના લોકોના રહેઠાણ, અનાજ, પ્રાથમિક સુવિધા અને શિક્ષણ તથા રોજગારી જેવા પાયાના પ્રશ્નો ઉકેલાઈ જશે અને તેઓ પોતાનો વિકાસ કરવાનું સ્વપ્ન સાચું પાડી શકશે? પોતાના પાયાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે શરુઆત લોકોએ જ કરવી પડશે અને તેનો ઉકેલ લાવવા માટે ઘણી રાહ જોવી પડશે તો અને તો જ આગામી પેઢી તેમના પાયાના પ્રશ્નોમાંથી મુક્ત થઈને સ્વવિકાસ તરફ જશે અને વિકસિત અમદાવાદના ઢાંચામાં બેસવા માટે સક્ષમ બનશે.

(આ લેખમાં મદદરૂપ થનાર ચારેય ઝોનના સી.સી. આરીફ મેમન (સરસપુર-ગોમતીપુર), પુષ્પા મેકવાન (ઓઢવ), લલિત પરમાર (શાહપુર) અને વસુ વસાવા(નારણપુરા).)

**સરકારી તંત્રને લગતા પ્રશ્નો માટે ફોન કરો. (ટોલ ફ્રી)**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(એ.એમ.સી)
૧૮૦૦૨૩૨૩૩૦

જાહેર અન્નવિતરણ વ્યવસ્થા (પી.ડી.એસ)
૧૮૦૦૨૩૩૫૫૦૦

ગ્રાહક સુરક્ષા નંબર
૧૮૦૦૨૩૩૦૨૨૨

## અમદાવાદ શહેરી જનસંગઠનના હોદ્દેદારોની નજરે અમદાવાદ

૬૦૦ વર્ષના અમદાવાદનો વિકાસ એ ગરીબ વિસ્તારોની પરિસ્થિતિ વિશે અમદાવાદ શહેરી જનસંગઠનના હોદ્દેદારો તેમનો અભિપ્રાય આપે છે:

આજના યુવાઓની આદતો તેમનાં વિકાસને અવરોધે છે તેવી વાત કરતાં અમદાવાદ શહેરી જનસંગઠનની પ્રમુખ કિરણ કહે છે કે, ‘ખૂબ જ ઝડપથી આપણો દેશ અને આપણું શહેર પ્રગતિ કરી રહયું છે પણ ઘણાં યુવાનો ખોટી આદતોના રવાડે ચડીને પોતાનું જીવન બરબાદ કરી રહયાં છે. ખાસ કરીને ગરીબ અને પછાત વર્ગના યુવાઓ શિક્ષણના અભાવે આજના વિકાસશીલ અને આધુનિક સમયમાં ટેકનોલોજી સાથે કદમથી કદમ મિલાવી ચાલી શકતાં નથી જેના લીધે તેમણે બેરોજગારીનો સામનો કરવો પડે છે અને તેમનો વિકાસ અટકી જાય છે. આના પરિણામે તેમની પછીની પેઢી પણ અશિક્ષિત રહે છે અને આ ચક્ર ચાલ્યાં જ કરે છે, વિકાસથી તેઓ દૂર રહે છે. આ બધી મુશ્કેલીઓનો હલ એક જ છે કે શિક્ષણ... વિકસતા અમદાવાદમાં પછાત વર્ગના આ યુવાનોના શિક્ષણ પ્રત્યે જાણે-અજાણે દુર્લક્ષ સેવાઈ રહયું છે તેના પ્રત્યે જાગૃત થઈ યુવાનો પોતે પોતાના વિકાસની શરુઆત કરશે અને તંત્ર તેમાં સાથ આપશે તો અહીં એક પણ વ્યક્તિ વિકાસથી વંચિત નહી હોય.’



અમદાવાદ શહેરી જનસંગઠનના ઉપપ્રમુખ દશરથ ભાઈ કહે છે કે, ‘અમદાવાદનો વિકાસ તો થઈ જ રહયો છે તે વાત ને અવગણી શકાય તેવી નથી પંરતુ વિકાસના નામે એક નાનકડી ઝૂંપડીમાં રહેતા પરિવારનો આશરો છીનવવાનો હક તો કોઈને પણ નથી. સરકાર ગુજરાતને વાઈબ્રન્ટ બનાવી તેના વિકાસ માટે એમ.ઓ.યુ કરે તે જરુરી છે પણ સાથે સાથે ગરીબોનો વિકાસ થાય, ગરીબી અને બેકારી દૂર થાય તેવું શિક્ષણ વિના મૂલ્યે આપવું જોઈએ. ગરીબીના બહાને ગરીબો દૂર ન થાય તે જોવાની ફરજ સરકારની છે. ટૂંકમાં એવું અમદાવાદ બને જેની છત્રછાયામાં ગરીબોને બે ટંકનું જમવાનું, નાનું સુંદર સપનાનું ઘર અને જીવન જીવવાની



સલામતી મળે અને તે સાચા અર્થમાં આઝાદ ભારતનો નાગરિક બની શકે.'

વિકાસની રુપરેખામાં ગરીબોને નજરઅંદાજ કરવામાં આવી રહયાં છે તેની વાત કરતાં અમદાવાદ શહેરી જનસંગઠનના સેક્રેટરી સુંદરબહેન કહે છે કે, 'વિકાસ વિકાસ કહીને રસ્તાઓ મોટા થઈ રહયાં છે, નવા કોમ્પલેક્ષો બની



રહયાં છે..જે સારી બાબત છે પણ રસ્તાઓ મોટા કરવા ગરીબોના ઝૂંપડાઓ શા માટે હટાવી દેવાય છે? અથવા તો રસ્તાઓના ઢાળ એવી રીતે શા માટે રખાય છે કે વરસાદના પાણી સીધા જ તેમના ઝૂંપડામાં આવે? રસ્તાઓ મોટા કરો પણ ગરીબોનું વિચારો.'

પળે પળે બદલાતા આ શહેરમાં પછાતો અને વંચિતોની સ્થિતિ શું છે તેના વિશે વાત કરતાં અમદાવાદ શહેરી જનસંગઠનના ખજાનચી જીતુભાઈ કહે છે કે, 'મેગાસીટી અમીરો માટે છે , ગરીબો માટે નહિ. મેગાસીટીના નામે મોંઘવારી વધે છે તેની અસર ગરીબોને થાય છે અને તેઓ વધુ ગરીબ બનતાં જાય છે. ટેકનોલોજી વધી રહી છે તેના કારણે માણસોનું કામ મશીન કરે છે અને માણસો બેકાર બનતા જાય છે જેમાં સૌથી વધારે નુક્સાન ગરીબ વર્ગને જ છે. વિકાસના નામે સરકાર ગરીબોના ઝૂંપડા ખસેડીને એવી જગ્યા આપી રહી છે જ્યાં પ્રાથમિક સુવિધા પણ નથી. ગરીબોની આ પરિસ્થિતિનું



અગત્યનું કારણ શિક્ષણનો અભાવ છે. જો તેમને યોગ્ય શિક્ષણ આપી કાયદાઓ અને તેમના હક્કો વિશે સમજાવામાં આવે તો જ તેમનો વિકાસ થઈ શકશે નહીતર અયોગ્ય દોરવણીનાં કારણે તેમનું જીવન વેડફાઈ જશે.'

**અમદાવાદ શહેરી જનસંગઠનઃ**
**મારું સંગઠન, તમારું સંગઠન...**
**આપણું સંગઠન**



### અમદાવાદ શહેરી જનસંગઠન ઉજવે છે માનવ અધિકાર દિન

જાન્યુઆરી ૩૦, ૨૦૧૦ના દિવસે સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી દ્વારા કરવામાં આવેલી ખાસ પહેલ એટલે અમદાવાદ શહેરી જનસંગઠન. અમદાવાદ શહેરના ગરીબો સંગઠિત થઈને પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે સક્ષમ બને અને સંઘર્ષ કરે તે તેનો પાયાનો ખ્યાલ છે. શરૂઆતના પહેલા વર્ષમાં ખાસ કરીને અશજસંની ચાર પાંખો- લોકજૂથ પાંખ, મહિલા પાંખ, યુવા પાંખ અને કિશોર પાંખોની સંકલન સમિતિઓની ચૂંટણી દ્વારા રચના કરવામાં આવેલી. સંકલન સમિતિઓના હોદ્દેદારો દ્વારા



અશજસંની કારોબારી સમિતિની રચના કરવામાં આવી છે. આ કારોબારી સમિતિ માટે એક ખાસ બેઠકનું આયોજન ડિસેમ્બર ૧૦ એટલે કે માનવ અધિકાર દિનના કરવામાં આવ્યું. અમદાવાદ શહેરી જનસંગઠનના પાયામાં જ્યારે માનવ અધિકાર છે ત્યારે માનવ અધિકાર દિન એ યોગ્ય દિવસ હતો કારોબારી સમિતિના સભ્યો એક મંચ ઉપર સાથે આવે અને તેમના હોદ્દેદારોની નિમણૂંક કરે.

બેઠકમાં કારોબારી સમિતિનું સન્માન કરવામાં આવ્યું જ્યાં અ.શ.જ.સંમાં તેમની ભૂમિકાની પણ ચર્ચા કરવામાં આવી. આ બાદ ચૂંટણી પ્રક્રિયા કરવામાં આવી જેમાં યુવાપાંખની કિરણ પ્રમુખ તરીકે, યુવાપાંખના દશરથભાઈ ઉપપ્રમુખ તરીકે, લોકજૂથ પાંખના જીતુભાઈ ખજાનચી તરીકે અને મહિલાપાંખના સુંદરબેન સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ હોદ્દેદારોની સાથે "માનવ અધિકાર સંગઠન થકી" વિષય ઉપર ચર્ચા કરવામાં આવી.

## ફા.એરવીતી કોમી એખલાસ યુવા રમતોત્સવ

યુવા એટલે શક્તિનો સ્રોત. પણ અમદાવાદના પછાત વિસ્તારોમાં જોઈએ તો પૂરતી માહિતી, જાણકારી અને કેળવણીના અભાવે યુવાને પોતાનું કૌશલ્ય બતાવવાની તક જ મળતી નથી. તેમનું જીવન નાની નાની જરુરિયાતોને પૂરું કરવામાં જ વહી જાય છે. વળી સમાજના સ્થાપિત હિતો તેમનો દુરુપયોગ પણ કરે છે. આ યુવાનોના વિકાસ માટે સંસ્થા દ્વારા ઘણા પ્રયત્નો કરવામાં આવે છે. યુવાનો શાંતિ અને કોમી એક્તાનું મહત્ત્વ સમજે અને સમાજમાં પણ તેનો ફેલાવો કરે તે હેતુથી દર વર્ષે સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી તરફથી ફા. એરવિતી કોમી એખલાસ યુવા રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. શહેરના જુદા જુદા વિસ્તારોના યુવકો તેમની ટીમો સાથે લગભગ દોઢ મહિનાના સમયગાળામાં યોજાયેલી ક્રિકેટ મેચોમાં ભાગ લે છે અને અને યુવતીઓ માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. યુવતીઓ માટે આ દિવસ એટલા માટે પણ ખાસ બની રહે છે કારણ કે ઘણી યુવતીઓ એવી હોય છે કે તેઓ સામાન્ય રીતે તેમના ઘરો કે સમાજમાંથી બહાર નથી આવી શકતી. રમતોત્સવ એવો પ્રસંગ છે જ્યાં યુવતીઓ લોયોલા સ્કૂલના ખુલ્લા મેદાનમાં આવીને મુક્ત શ્વાસ લે છે અને રમતો રમે છે.

આ વર્ષે યોજાનારા આ રમતોત્સવનું ઉદ્‌ઘાટન તિરીખ ૯મી જાન્યુઆરી ૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું જેમાં ૫૦૦ જેટલાં યુવાઓ ઉપસ્થિત રહયા હતા. ગીત, સંગીત અને વિવિધ પ્રવૃત્તિઓના આયોજને યુવાને જકડી રાખ્યા. ઢોલના તાલે અને ચિચિયારીના અવાજ સાથે બધી જ ટીમોને વધાવવામાં આવી હતી. યુવકોની ક્રિકેટ ટુર્નામેન્ટ ૧૦મી જાન્યુઆરીથી શરુ થઈ છે અને ફાઈનલ મેચ ૨૦મી ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવી. યુવતીઓ માટેનો રમતોત્સવ ૧૬મી જાન્યુઆરીના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં આ વર્ષે ગોળાફેંક, ૧૦૦ મીટર દોડ, રીંગપાસ, ત્રિપગીદોડ અને નિશાનતાક જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.



## ૧૫૦૦ બાળકો સાથે સંસ્થાએ માણ્યો બાળદિન!

૧૪મી નવેમ્બર એટલે બાળદિન. બાળદિન એ વંચિત અને ગરીબ સમુદાયના બાળકો માટે તેમના અધિકારનો દિવસ છે. તેથી જ સંસ્થા દ્વારા એવા પ્રયત્નો કરવામાં આવે છે કે આ દિવસે બાળકો મનભરીને તેમના બાળપણનો અનુભવ કરે તેમ જ આ દિવસની યાદો તેમની સાથે આખું વર્ષ રહે. અને એટલે અમારા કાર્યવિસ્તારના બાળકો દર વર્ષે આ દિવસની આતુરતાપપૂર્વક રાહ જુએ છે. આ વર્ષે ગરીબ અને વંચિત સમુદાયના ૧૫૦૦ બાળકો સાથે અમે બાળદિનનું આયોજન કર્યું હતું. ખુશીભર્યા બાળકોના ચહેરાઓએ દિવસને અજોડ બનાવી દીધો, ભલે ને એ દિવસ દર વર્ષે આવે છે! આ બાળકો જુદા જુદા વાતાવરણમાંથી અને વિસ્તારોમાંથી આવ્યા હતા, સમાજના જુદા જુદા વર્ગોમાંથી આવ્યા હતા, એટલે કે તેઓ વિવિધતામાં એક્તાના સંદેશને સાથે લઈને આવ્યા હતા.



સવારે બાળકોને સરકસ બતાવવા માટે લઈ જવામાં આવ્યા. સરકસનો એક ખાસ શો તેમના માટે આયોજિત કરવામાં આવ્યો હતો. અને પછી હતું સમૂહ ભોજન. આટલા બધા બાળકો જ્યારે સાથે હોય ત્યારે આ માત્ર ભોજન નહિ પરંતુ અવસર હતો. મોટા બાળકોએ નાના બાળકોને પીરસ્યુ અને પછી તેઓ પોતે જમ્યા- આ મોટા બાળકો છે ભવિષ્યના સમાજના નેતાઓ.

આનંદમેળો એ હંમેશા બાળદિનનો ખાસ ભાગ હોય છે, કારણ કે આ કાર્યક્રમમાં સમાજના અમીર અને ગરીબ વર્ગના બાળકોએ તેમનો સમય એકબીજાની સાથે વીતાવે છે. લોયોલા સ્કૂલના બાળકો પોતાના ખર્ચે અનેકવિધ રમતોનું આયોજન કરે છે અને બાળકો માટે ઈનામો અને ભેટો પણ લાવે છે. આ કાર્યક્રમથી બાળદિન એ આ બંને વર્ગના બાળકોનો બની રહે છે!

**શાંતિ**
ન્યાય, શાંતિ અને
કોમી એખલાસ
માટેની પહેલ

**અમદાવાદ શહેરી જન સંગઠન**
લોકસશક્તિકરણ માટેની પહેલ

આજે જ્યારે વૈશ્વિક સ્તરે 'આતંકવાદ સામેના યુદ્ધ'ને શાંતિ માટે અનિવાર્ય ગણવામાં આવે છે, રાષ્ટ્રીય સ્તરે સંકુચિત પ્રદેશવાદને રાષ્ટ્રીય એક્તા માટે જોખમકારક જણાવવામાં આવે છે કે રાજ્યસ્તરે હિંદુ-મુસ્લિમ એક્તાને જ મર્યાદિત અર્થમાં સામાજિક સંવાદિતતા માટે જરૂરી ગણી સર્વધર્મ પ્રાર્થના કે સંમેલનો યોજી શાંતિ માટે કંઈ મહત્ત્વનું કાર્ય કર્યાનો સંતોષ માનવામાં આવે છે. પણ સામાન્ય માનવી માટે શાંતિ શું છે તે સમજવું ખૂબ જરૂરી છે. શાંતિ એ માત્ર યુદ્ધ વગરની પરિસ્થિતિ ન હોતાં લોકો રોજબરોજની સુવિધાઓ મેળવીને સુખચેનથી જીવન જીવી શકે તે છે. પોતાની સ્થાપનાથી લઈને આજ સુધી આ સંસ્થા ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના જીવનમાં શાંતિની સ્થાપના માટે કાર્યરત છે. આ દિશામાં સંસ્થાએ લીધેલું અગત્યનું પગલું એટલે ૧૯૯૯માં શાંતિ એકમની સ્થાપના. ગાંધી નિર્વાણના દિવસે સ્થપાયેલા આ એકમના પાયામાં શાંતિનો બહોળો અર્થ છે. શાંતિ એકમના અગિયારમા વર્ષે સંસ્થા દ્વારા અમદાવાદ શહેરી જનસંગઠનની શરૂઆત કરવામાં આવી. અમદાવાદ શહેરની પરિસ્થિતિને જોતાં ગરીબ અને પછાત વિસ્તારોમાં આજે પણ પાયાની સુવિધાઓ પ્રાપ્ય નથી. લોકો પોતાના અધિકારો વિશે જાગૃત નથી અને સંગઠિત ન હોવાના કારણે તેમણે આ બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. લોકો પોતાના જીવનનું સંચાલન જાતે કરવા સક્ષમ બને અને પોતાના માનવ અધિકારો મેળવે તે ખ્યાલથી અમદાવાદ શહેરી જનસંગઠનની સ્થાપના કરવામાં આવી. લોકોના રોજબરોજના જીવનમાં શાંતિ સ્થપાય તે અમદાવાદ શહેરી જનસંગઠનના પાયામાં છે.

૩૦મી જાન્યુઆરી ૨૦૧૧ના રોજ આ સંગઠનની સ્થાપનાને એક વર્ષ પૂરું થાય છે. આ એક વર્ષમાં અમદાવાદ શહેરી જનસંગઠનના જુદા જુદા પાયાનાં ઘટકો એવાં લોકજૂથોનું સશક્તિકરણ તો થયું છે, સાથે સાથે તેઓ દ્વારા ચૂંટણીની પ્રક્રિયાથી તેમના આગેવાનોની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદ શહેરી જનસંગઠનની કારોબારી સમિતિ તેમ જ હોદ્દેદારોની ચૂંટણીથી પસંદગી કરવામાં આવી છે. ૩૦મી જાન્યુઆરીએ અમદાવાદ શહેરી જનસંગઠનના સભ્યોની સાથે શાંતિદિનનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે જેમાં આ એક વર્ષમાં સંગઠન દ્વારા થયેલાં કાર્યોની ચર્ચા સભ્યો સાથે કરવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર કાર્યક્રમના કેન્દ્રમાં અમદાવાદના આ વિસ્તારોની પરિસ્થિતિ અને પાયાના પ્રશ્નો રહેશે. લોકો કેવી રીતે સંગઠિત થઈને આ પ્રશ્નોનું નિરાકરણ કરી શકે તે વિચારવિમર્શ પણ કરવામાં આવશે. અમદાવાદ શહેરી જનસંગઠનનું બંધારણ ઘડવામાં આવ્યું છે તેનું વિમોચન સભ્યોની સાથે કરવામાં આવશે.

કાર્યક્રમ અ.શ.જ.સંના આગેવાનોને મંચ પૂરું પાડશે કારણ કે આ આખો કાર્યક્રમ અ.શ.જ.સંની કારોબારી સમિતિના સભ્યો દ્વારા સંચાલિત કરવામાં આવશે. આ કાર્યક્રમ લોયોલા સ્કૂલના ડાયમંડ જ્યુબિલિ હોલ ખાતે યોજવામાં આવશે જેમાં લગભગ ૧૦૦૦ જેટલાં અ.શ.જ.સંના સભ્યો ભાગ લેશે અને અ.શ.જ.સંને વધુ મજબૂત બનાવવા માટે એકબીજાને હાકલ કરશે.

**ડૉ. એડવિન મસીહી**

દૃષ્ટિકોણના ૨૦૧૦ના અંક - ૬, જે બાળઅધિકાર વિશેષાંક હતો તેમાં આ વખતે વાચકો માટે બાળમજૂરીને લગતો સવાલ હતો કે 'બાળમજૂરીની સમસ્યાને સમાજમાંથી નાબૂદ કરવા માટે શું કરી શકાય?' આ પ્રશ્નનો જવાબ ૨૬ પુરુષો અને ૨૮ સ્ત્રીઓ એમ કુલ ૫૪ વાચકોએ આપ્યો છે.

બાળમજૂરીની સમસ્યા મહદઅંશે ગરીબ કુટુંબોની સમસ્યા છે. બાળમજૂરી એ આર્થિક અને સામાજિક કારણોનુ પરિણામ છે. ઓછું કમાનાર, બેકાર અને શારીરિક રીતે અપંગ, બીમાર અને દારુ કે જુગાર જેવી ટેવ ધરાવતા કુટુંબના પુખ્તવયના સભ્યોને લઈને જ્યારે કુટુંબનું ભરણપોષણ કરવું મુશ્કેલ બને છે ત્યારે માતા –પિતા કે કુટુંબના અન્ય સભ્યો બાળકોને મજૂરી કરવા મોકલે છે. તે ઉપરાંત આ સમસ્યા શિક્ષણના અભાવને કારણે પણ ઉત્પન્ન થાય છે. શાળાનો અભાવ અથવા શાળા દૂર હોવી, શિક્ષણ પાછળ થતો ખર્ચ ઉપાડવાની અક્ષમતા, શિક્ષણ પદ્ધતિની નિષ્ફળતા વગેરે બાળમજૂરી પાછળના કારણો છે.



આપણા વાચકોએ તેમના જવાબોમાં મુખ્યત્વે ત્રણ બાબતો શિક્ષણ,પુખ્તવયના લોકોને રોજગારી અને સરકારી કાયદાઓનું અમલીકરણ આ બાબતોનો ઉલ્લેખ કર્યો છે.

શિક્ષણના સંદર્ભમાં ૧૭ વાચકોએ જણાવ્યું છે કે શિક્ષણનું પ્રમાણ વધારવું જોઈએ. સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વધારવાના સૂચનો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત રોજગારલક્ષી શિક્ષણ આપવું જોઈએ એમ એક વાચકે જણાવ્યું છે. મફત શિક્ષણ આપવું જોઈએ, સરકારી શિષ્યવૃત્તિઓનો લાભ આપવો જોઈએ, વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવા જોઈએ એવાં મહત્વના સૂચનો કેટલાંક વાચકો કર્યાં છે. શિક્ષણનું સ્તર સુધારવું જોઈએ અને સેલ્ફ ફાઈનાન્સ શિક્ષણ બંધ કરવું જોઈએ એવા વ્યાપક સૂચનો પણ કોઈક કોઈક વાચકોએ કર્યાં છે.

આર્થિક ક્ષેત્રે મુખ્યત્વે પુખ્તવયના માટે રોજગારીની તકો વિકસાવી જોઈએ, ગરીબી દૂર થાય અને શિક્ષણ સાથે રોજગારી મળવી જોઈએ તેવાં સૂચનો ઘણાં વાચકો કર્યાં છે. બાળમજૂરો પ્રત્યે સંવેદનશીલ બનવાનું ચાર વાચકો જણાવે છે. બાળશોષણ અટકાવવા માટે લોકોને સંગઠિત કરવાં શેરી નાટકો જેવા માધ્યમોના ઉપયોગની જાગૃતિ લાવવી જોઈએ. આ ઉપરાંત કાયદાનો માર્ગ અપનાવવાના સૂચનો પણ વાચકોએ કર્યા છે. ચાઈલ્ડલાઈનનો ઉપયોગ કરીને બાળમજૂરોને છોડાવવા, કાયદાનું કડક પણે અમલી કરણ કરવું અને બાળમજૂરી કરાવનારની સામે કડક પગલાં લેવાં આ પ્રકારના સૂચનો પણ કેટલાંક વાચકો કર્યાં છે.

કેટલાંક સૂચનો બાળમજૂરીની સમસ્યાને સીધી રીતે સ્પર્શતા નથી પણ ઘણાં ઉપયોગી છે. દા.ત. બાળકોને વ્યસનથી દૂર રાખવા, બાળકોને દત્તક લેવા અને પોતાની ફરજ બજાવવી વગેરે. ઘણા વાચકોએ વ્યસનની બાળકો ઉપર થતી અસરને બાળમજૂરી સાથે શું સંબંધ છે તે વિશે વાત કરી છે. સમગ્ર રીતે જોતા વાચકોએ બાળમજૂરીની સમસ્યા અંગે સારી એવી સભનતા કેળવેલી છે અને ઘણાં બધાં ઉપયોગી સૂચનો કર્યાં છે. જે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

**આ વખતના શ્રેષ્ઠ ઉત્તરનું ઈનામ મળે છે.**
**સુનિલ રાજ (અમદાવાદ) કારણ કે તેમણે તેમના જવાબમાં બાળમજૂરીને નાબૂદ કરવા માટે કાયદાકીય અમલીકરણની સાથે-સાથે સામાજિક પ્રશ્નોને આવરી લઈ તેના તરફ સ્વ જાગૃતિકરણના અસરકારક સૂચનો કર્યાં છે.**













## મારા શહેરમાં મારી ગેરહાજરી

આ શહેર મારૂં છે
અને શહેરમાં હું ક્યાંય નથી
શહેરની ભીડમાં હું કેમ ખોવાઇ ગયો છું?
ઊંચી ઊંચી ઇમારતોમાં મારો પરિશ્રમ છે
પાથરવા પગ, માથે મારા છત નથી
શહેરની ભીડમાં હું કેમ છેવાડે ફેંકાઇ ગયો છું?
શેરી-ગલીઓમાં મારું ધ્યાન છે
શહેરના જ્ઞાનીઓને મારા ભૂલકાંઓનું ભાન નથી
શહેરની ભીડમાં હું કેમ ભુલાઇ ગયો છું?
ધનના કણ-કણમાં મારૂ લોહી વહે છે
પડછાયો પણ મારો કોઇ ધની ન સહે
શહેરની ભીડમાં હું કેમ દટાઇ ગયો છું?
વિકાસયાત્રાના તંત્રમાં હું યંત્ર છું
ષડયંત્ર રચાયું છે ગણતંત્રમાં
આમ આદમી ન આવે કોઇ ગણતરીમાં!
આ શહેર મારૂં છે
પણ શહેરમાં હું ક્યાંય નથી!

-ફા. પૉલ ડીસોઝા

# દૃષ્ટિકોણના વાચકોનો દૃષ્ટિકોણ



## ઉઠાવો કલમ- આપો જવાબ

**આ અંકનો સળગતો સવાલ:**

**અમદાવાદનાં ગરીબ વિસ્તારોના પાયાના પ્રશ્નોને ઉકેલવા શું કરી શકાય?**

તમારો જવાબ નીચેના સરનામે અથવા ઈ-મેઈલથી મોકલો
અથવા સંસ્થાના પ્રતિનિધિને આપો. આવતા અંકમાં તારણો જાહેર કરાશે.

**BOOK POST**


સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી
લોયોલા સ્કૂલની સામે, મેમનગર રોડ,
પોસ્ટ બોક્સ: ૪૦૮૮, નવરંગપુરા
અમદાવાદ- ૩૮૦ ૦૦૯, ગુજરાત, ભારત.

ફોન : +૯૧ ૭૯ ૨૭૯૧ ૦૬૫૪
+૯૧ ૭૯ ૨૭૯૧ ૧૧૮૧

Email : sxsss@sxsss.org
Website : www.sxsss.org


શિક્ષણ, સંગઠનથી સશક્તિકરણ તરફ


ફક્ત અંગત વિતરણ માટે, જનહિતાર્થે, સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી દ્વારા પ્રકાશિત